# 'વિકાસ'ના નારા સાથે બનાસ ડેરીની ચૂંટણીમાં વર્તમાન ચેરમેને ઉમેદવારી નોંધાવી

## ભ્રષ્ટાચારના આક્ષેપોને અપપ્રચાર ગણાવી બનાસ ડેરીનું સુકાન પુનઃ સંભાળશે તેવો આત્મ વિશ્વાસ વ્યક્ત કરતા પરથીભાઈ ભટોળ

પાલનપુર, તા. ૨૧

એશિયાની નંબર વન ગણાતી સરહદી બનાસકાંઠા જીલ્લાની જીવાદોરી સમી ''બનાસ ડેરી''ની ચૂંટણી જાહેર થતાની સાથે જ સહકારી ક્ષેત્રમાં રાજકીય ગરમાવો આવી ગયો છે. કથિત ભ્રષ્ટાચારોના આક્ષેપોનો સામનો કરી રહેલા બનાસ ડેરીના વર્તમાન ચેરમેન પરથીભાઈ ભટોળે પણ આજે વિજયના વિશ્વાસ સાથે પોતાના સમર્થકો સાથે ઉમેદવારીપત્ર ભર્યુ હતું.

બનાસ ડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળ છેલ્લા ૨૧ વર્ષથી ડેરીનું સુકાન સંભાળી રહયા છે. ત્યારે તેઓની સામે બનાસ ડેરીમાં અંદાજે સાતસો કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપો થઈ રહયા છે. જોકે, પોતાના સામેના આક્ષેપોને વિરોધીઓનો અપપ્રચાર



ગણાવતા બનાસ ડેરીના વર્તમાન ચેરમેન પરથીભાઈ ભટોળે આજે પોતાનું ઉમેદવારીપત્ર પાલનપુરના નાબ કલેકટર એવમ્ ચૂંટણી અધિકારી એમ.બી.ઓઝાત સમક્ષ રજુ કર્યુ હતું.

પાલનપુર પ્રાંત કચેરી ખાતે પોતાનું ઉમેદવારીપત્ર ભર્યા બાદ પરથીભાઈ ભટોળે જણાવ્યું હતું કે, તેઓ ભ્રષ્ટાચારના આક્ષેપો સામે કોઈપણ જાતની તપાસ માટે તૈયાર છે. વધુમાં તેઓએ પોતે દોષિત ઠરે તો ફાંસીના માચડે લટકવાની પણ તૈયારી દાખવી હતી. વર્તમાન ચેરમેન પરથીભાઈ ભટોળે અપપ્રચારની આંધી વચ્ચે પણ પોતે ફરી બનાસ ડેરીની ધુરા સંભાળશે તેવો આત્મ વિશ્વાસ વ્યકત કર્યો હતો. વધુમાં વર્તમાન ચેરમેન પરથીભાઈ ભટોળે ગાય–ભેંસ કે બકરી પણ નહી રાખનારા અને પશુપાલનના ધંધા સાથે સંકળયેલા ન હોય તેવા તત્વોને ડેરીમાં ઘુસપેઠ કરતા અટકાવવનો અનુરોધ કર્યો હતો.

રામપુરા આશ્રમ ખાતે આયોજીત સંમેલનમાં પાલનપુર તાલુકાના ૧૪૪ પૈકી ૧૩૦ મતદારો સહિત વિશાળ સંખ્યામાં પશુપાલકો હાજર રહયા હતા. જેઓએ બનાસ ડેરીમાં પુનરાવર્તન કરવાનો પુનરોચ્ચાર કર્યો હતો.

# બનાસ ડેરીની ચૂંટણીએ પકડેલો રાજકીય રંગ...!

## ચૂંટણી ૯મી સપ્ટેમ્બરે યોજાશે : ઉમેદવારી પત્રો ભરાવવાના શરૂ

પાલનપુર, તા. ૨૧

એશિયા ભરમાં પ્રથમ નંબરે ગણાતી બનાસડેરીની ચૂંટણી આગામી ૯મી સપ્ટેમ્બરે યોજવાની છે ત્યારે ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા શરૂ થતાં જ જિલ્લાભરમાં સહકારી ક્ષેત્રે ગરમાવો આવી ગયો છે.

વર્તમાન ચેરમેન પરથીભાઈ ભટોળની પેનલની સામે જિલ્લાના પૂર્વ સાંસદ હરિભાઈ ચૌધરીએ પરિવર્તન ચેનલ બનાવી બનાસ ડેરી કબજે કરવાની નેમ વ્યકત કરી છે. આ ચૂંટણીમાં પરિવર્તન પેનલની પાછળ પ્રદેશ ભાજપના મહામંત્રી શંકરભાઈ ચૌધરીનું પીઠબળ છે. જો કે મળતી માહિતી મુજબ શંકરભાઈ પોતે ડેરીની ચૂંટણી લડવાના નથી. છેલ્લા ૨૦ વર્ષથી બનાસડેરીનું સુકાન સંભાળતા પરથીભાઈ ભટોળે બે ટર્મ સુધી અમુલનું પણ ચેરમેન પદ શોભાવ્યું છે. સહકારી ક્ષેત્રે વિશાળ અનુવ ધરાવતા પરથીભાઈ ભટોળે પણ ચૂંટણી વ્યુહ રચનામાં કાબેલ હોઈ ચૂંટણી રસપ્રદ બની રહેશે. પરથીભાઈ પોતે કોઈ પક્ષમાં નથી પરંતુ તેમના પુત્ર વસંતભાઈ ભટોળ ભાજપના ધારાસભ્ય છે.

આ ચૂંટણી તાલુકા વાઈઝ યોજાનાર હોવાથી બંને પેનલના મહારથીઓએ પોતાના વધુને વધુ ડિરેકટરો તાલુકા કક્ષાએ વિજયી બને તે માટે ઉમેદવારો મુકવાની કવાયત હાથ ધરી છે.

# પાદરડી બસ સ્ટેશનની દયનીય સ્થિતિ મુસાફરો બેસે તો ક્યાં બેશે ? જેવી સ્થિતિ




આંકોલી, તા. ૨૧


કાંકરેજ તાલુકાનું પાદરડી બસ સ્ટેશન શોભાના ગાંઠિયા સમાન અને દયનીય હાલમાં જોવા મળે છે. રંગરોગાન વગર અને અંદર ભરેલા બાવળના કાંટા મુસાફરોને બેસવું તો ક્યાં ? જેવી સ્થિતિ ઉભી થવા પામી છે. બસ સ્ટેન્ડની સામે જ ગાંડા બાવળો ઉભેલા છે કે જ્યાંથી કોઈ અંદર પ્રવેશી પણ ન શકે અને જો અંદર પ્રવેશે તો કાંટાથી ભરેલ બસ સ્ટેન્ડ તો મુસાફીર જાયે તો કહાં જાયે જેવી સ્થિતિ. પરંતુ અધિકારીઓની નજરમાં બસ સ્ટેન્ડ આવતું હશે કે પછી કેમ ? જ્યાં પ્રશ્નો લોકોને મૂંઝવણમાં મૂકે છે તો લાગતા - વળગતા અધિકારીઓ રસ દાખવીને મુસાફરોને પડતી આ બસ સ્ટેન્ડની મુશ્કેલી દૂર કરશે ખરા ? લોકોમાં ઉઠેલો પ્રશ્ન અધિકારીઓ પાસે જવાબમાં સમારકામ કરાવવામાં રસ દાખવે અને લોકોની મુશ્કેલી દૂર કરે તો ભાઈ-ભાઈ પછી વાહ-વાહ...

(તસવીર : હેમુભા વાઘેલા, આંકોલી)

## બાયડ મામલતદારે ગાબટ ગામે દરોડો પાડી ૪૦૦ કવીન્ટલ ઘઉનો જથ્થો ઝડપી પાડયો

બાયડ, તા. ૨૧

હાલમાં સમગ્ર રાજયમાં એક બાજુ અસહ્ય મોંઘવારીનો લોકો સામનો કરી રહયા છે ત્યારે બાયડ તાલુકા કાળાબજારીયો દ્વારા ગરીબોના ભાગના ઘઉ બારોબાર વેચી મારી રોકડી કરી લેવાની વાત બાયડ મામલતદાર અને પુરવઠા મામલતદાર ઉપાધ્યાયને ધ્યાને આવતા બાયડ મામલતદારે આ અંગે લાલ આંખ કરી છે ત્યારે ગઈકાલે બાયડ મામલતદારે પુ.મામલતદાર પધ્યાય અને તેમની ટીમને સાથે રાખી બાયડ મામલતદારને મળેલી ફરીયાદના આધારે ગઈકાલે ગાબટ માર્કેટયાર્ડમાં આવેલી નીગમ એન્ટરપ્રાઈઝ નામની દુકા નમાં ઓચીંતી તપાસ હાથ ધરતા ૪૦૦ કવીન્ટલ ઘઉનો અંદાજે રૂ. ૧૪૦૦ નો બીન હીસાબી ૪ બોરી ઘઉનો જથ્થો ઝડપી પાડયો હતો.



(તસવીર : સમીર બલોચ, બાયડ)

મુસ્લીમોના પવિત્ર તહેવાર ઈદ ઉલ ફીત્રની બાયડ તાલુકામાં ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. આ પવિત્ર તહેવાર નીમીતે મુસ્લીમ બીરાદરો એકબીજાને ગળે મળીને મુબારક બાદી પાઠવી હતી.

# ધનસુરા ચાર રસ્તા પર ટ્રાફિકજામની સમસ્યા

ધનસુરા, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના ધનસુરા તાલુકાના મુખ્ય ચાર રસ્તા પર છેલ્લા ઘણા સમયથી જીપ, રીક્ષા અને ઉભી રહેતી ટ્રકો નડતરરૂપ સાબિત થતા ભારે ટ્રાફિક જામના દશ્યો સર્જાય છે આ મામલે પોલીસ તંત્ર સમક્ષ અનેકવાર રજૂઆત કરવા છતાં હજુ સુધી કોઈ નક્કર પરિણામ ન આવતા સ્થાનિકોમાં આ અંગે આક્રોશ જોવા મળ્યો છે.

ધનસુરાના હાર્દ સમા ચાર રસ્તા પરથી રોજના અસંખ્ય વાહનો પસાર થાય છે. આ માર્ગ પર ટ્રાફિક નિયમન જળવાતું ન હોવાના કારણે લોકો બેફામ વાહનો દોડાવે છે. ચાર રસ્તાની આજુબાજુ શૈક્ષણિક સંસ્થાઓ આવેલી હોવાથી બાળકોની સવાર-સાંજ અવર જવર રહે છે. ચાર રસ્તાની આજુબાજુ ગતિ મર્યાદાને ધ્યાનમાં રાખી બમ્પની જરૂરીયાત હોવા છતાં બમ્પ બનાવવામાં આવ્યા નથી. લોકોએ તંત્ર સમક્ષ અનેકવાર બમ્પની રજુઆત કરવા છતાં કોઈ વાત ધ્યાને લેતા નથી. ચાર રસ્તાની આજુ બાજુમાં રીક્ષા, જીપનો ખડકલો જોવા મળે છે. ટ્રકોવાળા મુસાફરને બેસાડવા-ઉતારવા ઉભી રાખતા હોય છે. આ બધી પરિસ્થિતિને કારણે ટ્રાફિક જામ થઈ જાય છે. ધનસુરાના લોકોનું કહેવું છે કે ચાર રસ્તાની ચારે બાજુ તાત્કાલિક બમ્પ બનાવીને ગતિ નિયંત્રણ કરવામાં આવે અને અડ્ડો બનાવી ઉભા રહેતા શટલીયા ચાલકો વિરુધ્ધ પોલીસ લાલ આંખ કરે તેમ ઈચ્છી રહ્યા છે.

## મહેસાણા જિલ્લા જેલની આજુબાજુ વાહનો પાર્ક કરવા અને હોર્ન વગાડવા પર નિષેધ

મહેસાણા, તા. ૨૧

મહેસાણા અધિક જિલ્લા મેજીસ્ટ્રેશ્રી એમ. એન. ગઢવીએ મહેસાણા જિલ્લાની જેલ આજુબાજુ વાહનો પાર્ક કરવા અને વારંવાર હોર્ન વગાડવા પર -તિબંધ લગાવ્યો છે. જેલની સલામતીના પરિ-ક્ષ્યમાં વાંધાજનક અને સંવેદનશીલ છે. ગંભીર ગુનાના કેદીઓ આવા અસાધારણ ઘોંઘાટનો લાભ લઈ જેલની શિસ્ત અને સલામતીનો ભંગ ન કરે તેમજ ભવિષ્યમાં કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે આ જાહેરનામું બહાર પડાયું છે. જેલ રોડ તેમજ લાયન્સ હોસ્પિટલમાં જવાનો કમ્પાઉન્ડ વોલની દિવાલ પૂરી થાય ત્યાં સુધીનેનો પાર્કિંગ ઝોન થતા શાંતિ વિસ્તાર ઝોન જાહેર કરવાનો આદેશ કરેલ છે.

# મહેસાણામાં ૧૩ સપ્ટેમ્બરથી ૨૧ સપ્ટેમ્બર દરમિયાન લશ્કરી ભરતી મેળો યોજાશે

મહેસાણા, તા. ૨૧

મહેસાણા જિલ્લામાં ૧૩ સપ્ટેમ્બરથી ૨૧ સપ્ટેમ્બર દરમિયાન લશ્કરી ભરતી મેળાનં આયોજન કરેલ છે. લશ્કરી ભરતી મેળાના સુચારૂ વ્યવસ્થાપન માટે, કાયદો અને વ્યવસ્થાની જાળવણી તથા આનુંસંગિક સગવડો ઉપલબધ થાય તે માટે જિલ્લા કલેકટરશ્રીની અધ્યક્ષતામાં ૨૪ ઓગષ્ટના રોજ બેઠક યોજવામાં આવનાર છે. લશ્કરી ભરતી મેળાની આ સંકલન સમિતિની બેઠકમાં વિવધ આયોજનો, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સહિત વિવિધ વ્યવસ્થા કરવામાં આવનાર છે.

મહેસાણા ખાતે યોજાનાર લશ્કરી ભરતી મેળામાં મહેસાણા જિલ્લાના ઉમેદવારો માટે ૧૭ સપ્ટેમ્બરના રોજ સવારે ૦૫-૩૦ કલાકે યોજાશે. જેમાં સોલ્ઝર જનરલ ડ્યુટી, સોલ્ઝર કલાર્ક, સોલ્ઝર ટેકનીકલ, સોલ્ઝર ટ્રેડમેન, નર્સિંગ આસિટન્ટ સહિતની જગ્યાઓ ભરવામાં આવશે. આ પોસ્ટ માટે ૧૬૮ સે.મી ઉંચાઈ.૫૦ કિલો વજન, છાતીનુ માપ ૭૭ થી ૮૨ તેમજ ઉમંર ૧૭.૧/૨ થી ૨૩ વર્ષની હોવી જોઈએ. વિવિધ પોસ્ટ માટે વિવિધ ઉંમર અને શારીરીક ક્ષમતા લાગું પડશે તેમ જિલ્લા રોજગાર અધિકારી મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

## મહેસાણા જિલ્લામાં ૧૧ સપ્ટેમ્બરથી ઓરી રસીકરણ અભિયાન હાથ ધરાશે

મહેસાણા, તા. ૨૧

મહેસાણા જિલ્લા કલેકટરશ્રી રાજુકમાર બેનીવાલની અધ્યક્ષતામાં સપ્ટેમ્બર માસમાં યોજાનાર અભિયાન અંગેની તૈયારી માટેની બેઠક યોજવામાં આવી હતી. સમ્રગ દેશમાં ઓરીના રોગથી ૧ લાખ જેટલા બાળકો મૃત્યુ પામે છે. જેથી બિમારી નિયંત્રણ આવી શકે તે માટે જિલ્લામાં ૧૧ સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન મિઝલ્સ કેચ એપ કેમ્પેઈન યોજાવાનું નક્કી કરાયું છે. આ અંતર્ગત જિલ્લામાં ૪,૦૫,૫૨૫ બાળકોને આવરી લેવામાં આવશે. ત્રણ અઠવાડીયાની આ ઝુંબેશમાં -ાથમિક શાળાના બાળકો, આંગણવાડીના બાળકો જે ૯ માસથી ૧૦ વર્ષ સુધીના હોય તેવા તમામ બાળકોને રસીકરણ કરવામાં આવશે.

આ બાબતે કલેકટરશ્રી રાજકુમાર બેનીવાલે રસીકરણ ઝુંબેશ અંતર્ગત વિવિધ બાબતોની સમીક્ષા કરી હતી અને આ કામગીરી માટે જરૂરી તાલીમ આપવી અને વેક્સીનેશનમાં ખાસ ધ્યાન રાખવા પણ તાકીદ કરી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ. એન. ઠક્કર, જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડી. સી. જાગાણી, સિવિલ સર્જનશ્રી સહિત આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા.

# બાયડ તાલુકામાં કોંગ્રેસ દ્વારા ઘરનું ઘર ફોર્મનું વિતરણ કરાયું



(તસવીર : સમીર બલોચ, બાયડ)

બાયડ, તા. ૨૧

ગુજરાત કોંગ્રેસ પ્રદેશ સમીતી દ્વારા આગામી વિધાનસભાની ચુંટણીમાં કોગ્રેસ વીજયી થાય તો ગરીબ અને મધ્યમ વર્ગની મહિલાઓને ઘરનું ઘર આપવાની યોજના અમલમાં મુકી છે.

અલગ અલગ કેટેગરીના મકાનો બાંધી વ્યાજબી ભાવે તેમજ ચોકકસ રકમના હપ્તા સાથે ઓછા વ્યાજની લોન યોજના બનાવી તમામ જરૂરીયાતમંદને ઘરનુંઘર આપવાની જાહેરાત કરી હતી. સમગ્ર ગુજરાત રાજયમાં સ્વ. રાજીવ ગાંધીની જન્મતીથી નીમીતે કોગ્રેસ દ્વારા એકી સાથે આ યોજનના ફોર્મ વીતરણની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જેના ભાગરૂપે બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં બાયડ નગરપાલિકા વિસતારમાં પ્રથમ દિવસે માલપુર મેઘરજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલાના હસ્તે બાયડ ગામના મલાણીયા વિસ્તારમાં ફોર્મ વિતરણ કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ બાયડ શહેરના જુદા જુદા વીસ્તારોમાં આ ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જયારે આ ઘરનું ઘર યોજનાના ફોર્મ લેવા બાયડ વિસ્તારમાં બહેનોનો ભારે ઘસારો જોવા મળ્યો હતો. જયારે આજે સવારે બાયડના કસ્બા વિસ્તારમાં બાયડ તાલુકા પ્રમુખ અદેસીંહ, બાયડ શહેર પ્રમુખ દિનુભાઈ, કોગ્રસના આગેવાન મણીકાકા તેમજ બાયડ તાલુકા લઘુમતી સમાજના સમીરભાઈ વકીલ, બાયડ શહેર લઘુમતી સેલના પ્રમુખ દશુમીંયા તેમજ સા.કા જીલ્લા આઈ.ટી.સેલ.ના વાઈસ પ્રેસીડેન્ટ સમીરખાન બલોચની ઉપસ્થીતીમાં આ ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું. જયારે આ ફોર્મ વિતરણમાં મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થીત રહી હતી.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES | APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૬૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન